Page. 13 - 14

હોમ સ્કૂલિંગની બારીમાં ડોકિયું

થીમ આધારિત
એકમાત્ર શૈક્ષણિક
મેગેઝિન

# આદિત્ય કિરણ

ISSN 0974-4657
વર્ષ : 14 ■ અંક : 7
ઑક્ટોબર, ૨૦૧૮
કિંમત : ₹ 25/-
તંત્રી : ડૉ. હર્ષદ એ. પટેલ





# HOME SCHOOLING

સૌ ભણે શાળામાં , કોઈક ભણે ઘરમાં

મથ્યા નોખા પ્રયત્નમાં, પામવા સફળતા જીવનમાં

આદિત્ય કિરણ
Volume: 14 Issue: 7

હેતુ છે શિક્ષણનો
જીવનમાં સફળતાનો
વર્ગખંડ છે
વ્યાપક સ્વરૂપ,
ઘરશાળા
ભલે બને નવું પ્રારૂપ

**તંત્રી**
ડૉ. હર્ષદ એ. પટેલ
**સંપાદન**
ડૉ. વિરલ બી. જાદવ
**સંપાદન સહયોગ**
જ્યોતિ દવે
રેણુકા વ્યાસ
દિવ્યેશ ત્રિવેદી
**ટાઇટલ/લે-આઉટ**
રણમલ સિંઘવ
**ડિજિટલ મીડિયા**
દક્ષ પટેલ
**વ્યવસ્થા**
હિતેશ પટેલ
મહેન્દ્રસિંહ વાઘેલા

**Printed,Published & Edited by:**
Harshadkumar A.Patel
**on behalf of :**
CHANDAN EDUCATION TRUST
157/1880, Pratiksha Appartment,
Sola road, Naranpura,
Ahmedabad : 380063
**Printed at :**
UNIQUE OFFSET
NOVATSING RUPRAM ESTATE,
OPP. ABHAY ESTATE,
TAVDIPURA, SHAHIBAUG,
AHMEDABAD - 380004
**Editor:** Harshadkumar A.Patel
**Owner:** CHANDAN EDUCATION TRUST

**વર્ષ : ૧૪ અંક : ૭**
**પ્રકાશિત તા. ૧-૧૦-૨૦૧૮**

**વાર્ષિક : રૂા. ૪૦૦** અંકની કિંમત: રૂા. ૨૫
લવાજમની રકમ"**ક્ષિતિ પબ્લિકેશન**"ના
નામે ચેક/ડ્રાફ્ટથી મોકલી શકાશે.

**ક્ષિતિ પબ્લિકેશન**
611, વ્રજ વેલેન્સિયા, મહિન્દ્રા શો રૂમની
પાછળ, સોલા ઓવરબ્રિજ પાસે,
એસ. જી. હાઇવે, સોલા,
અમદાવાદ- 380060 ફોન નં.: 29700400
Email: kshiti5350@gmail.com
/ kshiti5350

## આ અંકમાં...



સંપાદકીય — ૫
લગ્ન - ડૉ. ભદ્રાયુ વછરાજાની — ૬
ઘરનો ઘાટ અને શાળાનો સાથ - શ્રી રણછોડ શાહ — ૮
હોમ સ્કૂલિંગ : એક સબળ વિકલ્પ - શ્રી માધવી શાહ — ૧૦
હોમસ્કૂલિંગની બારીમાં ડોકિયું - ડૉ.વિરલ જાદવ — ૧૩
દીવાનખંડ બન્યો વર્ગ : એક પ્રયોગ - ડૉ. ઉષા શારડા — ૧૬
મારી સિદ્ધિનો ઘડવૈયો હું જ - ડૉ. ઊર્મિલા શાહ — ૧૮
હોમસ્કૂલિંગ: એક નવી પહેલ - શ્રી દિનેશ તુંવર — ૧૯
હોમસ્કૂલિંગ : એક અનુભવ - ડૉ. વર્ષા પ્રજાપતિ — ૨૧
હોમ સ્કૂલિંગને હા કે ના ? - ડૉ. પારૂલ દવે — ૨૩
ઘર એ ઉત્તમ શાળા - ડૉ. જિજ્ઞા ખોલીયા — ૨૪
હોમ સ્કૂલિંગ દ્વારા જગતને મળેલ હસ્તીઓ - ડૉ. બિપીન સાવલિયા — ૨૫
ઘરશાળા : વૈકલ્પિક અધ્યયન વ્યાવસ્થા - ડૉ રૂપલ માંકડ — ૨૮
સંસ્કાર સિંચનનું ધરૂવાડિયું : ઘર - ડૉ. મીતા થાનકી — ૩૦
હોમસ્કૂલિંગ : સંશોધન શું કહે છે? - ડૉ.કીર્તિ ઠાકર — ૩૧
જ્યોતિર્ધર - ડૉ. જયશ્રી દિક્ષિત — ૩૪
આનંદમાં ડૂબકી - શ્રી હરેશ ધોળકિયા — ૩૫
Tech-ટેકનિક - શ્રી તેજસ ઠક્કર — ૩૮
ટહૂકો — શ્રી લતા હિરાણી — ૪૦
યોગથી આરોગ્ય - ડૉ. પી.એમ.મલેક — ૪૨
સમીક્ષા - શ્રી જ્યોતિ દવે — ૪૩
મૂવીing - શ્રી મનન બુધ્ધદેવ — ૪૪
રેડિયોવાણી - શ્રી રાજેન્દ્ર ઉપાધ્યાય — ૪૬
ખુલ્લી આંખે સજળ નેત્રે - શ્રી જ્યોતિ દવે — ૪૮
સ્માઇલ પ્લીઝ - શ્રી દેવેન વ્યાસ — ૪૯

આ અંકના તમામ ફોટોગ્રાફ પ્રતિકાત્મક છે.
અંકમાં પ્રસિદ્ધ કરેલ લેખો સાથે તંત્રી સહમત છે તેવું જરૂરી નથી.



195



ડો. વિરલ જાદવ
(૯૦૩૩૨૨૯૮૫૫)

# હોમસ્કૂલિંગની બારીમાં ડોકિયું

જ્યોર્જ વૉશિંગ્ટન, લિયોનાર્ડો-દ-વિન્ચિ, થૉમસ ઍડિસન, ચાર્લ્સ ડિકન્સ, અબ્રાહમ લિંકન, હેલન કેલર અને એવાં બીજા અનેક સુપ્રસિદ્ધ વ્યક્તિઓ હોમસ્કૂલિંગની દુનિયાને ભેટ છે. હોમસ્કૂલિંગનો ખ્યાલ અમેરિકામાં વધુ પ્રચલિત છે. યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનના અહેવાલ અનુસાર અમેરિકામાં ૩.૪ ટકા બાળકો અંદાજે ૧૫ લાખ બાળકો હોમસ્કૂલથી અભ્યાસ કરે છે અને આ આંકડો દિવસે ને દિવસે વધી રહ્યો છે.

ભારતમાં પણ હોમસ્કૂલિંગ ધીરેધીરે લોકપ્રિયતા મેળવી રહ્યું છે. હોમસ્કૂલિંગથી અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા જાણવાનું કામ થોડું મુશ્કેલ છે. હોમસ્કૂલિંગના સપોર્ટમાં કાર્યરત સંસ્થાઓમાં નોંધાયેલા બાળકો અનુસાર ભારતમાં ૧૫૦૦૦ જેટલા પરિવારોમાં તેમના બાળકોને હોમસ્કૂલિંગ કરાવવામાં આવે છે. ભારતમાં ખાસ કરીને પૂના, બેંગાલુરુ, દિલ્હી, કોલકાતા અને ચેન્નઈમાં હોમસ્કૂલિંગ વધુ પ્રચલિત છે. ગુજરાતમાં અમદાવાદ અને વડોદરાના કેટલાંક પરિવારોમાં બાળકોને શાળાએ ન મોકલતા ઘરમાં જ શિક્ષણ આપવામાં આવે છે.

## હોમ સ્કૂલિંગના તેજસ્વી તારલા

### રામચંદ્ર કિશોર આપ્ટે : બેંગાલુરુ

શાળાકીય અભ્યાસ છોડીને હોમ સ્કૂલિંગ દ્વારા અભ્યાસ કરનાર રામચંદ્ર કિશોર આપ્ટેએ સપ્ટેમ્બર ૨૦૧૮માં જાપાનમાં આયોજિત ઈન્ટરનેશનલ ઑલિમ્પિયાડ ઈન ઈન્ફર્મેટિક્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ સ્પર્ધામાં ભારતના કુલ ૪ વિદ્યાર્થીઓને સામેલ થવાની તક મળી હતી તે પૈકીનો તે એક હતો.

### માલવિકા જોષી

માલવિકા જોશીએ ધોરણ-૭ પછી શાળાકીય અભ્યાસ છોડી દીધો હતો અને તેની માતાએ તેના અભ્યાસની જવાબદારી સ્વીકારી. તે વિવિધ વિષયોની સાથે કમ્પ્યૂટર પ્રોગ્રામિંગમાં રસ લેવા લાગી. માત્ર ૧૭ વર્ષની ઉંમરમાં તેણે ઇન્ટરનેશનલ ઑલિમ્પિયાડ ઑફ ઈન્ફર્મેટિક્સમાં બે સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ મેળવ્યા. એસએસસી કે એચએસસી સમકક્ષ કોઈ પરીક્ષા તેણે પાસ ન કરી હોવાથી તેને ભારતની આઇઆઇટીમાં પ્રવેશ યોગ્ય ગણવામાં ન આવી. પરંતુ દુનિયાની નંબર વન મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી (એમઆઈટી)માં તેને પ્રવેશ વર્ષ ૨૦૧૬માં પ્રવેશ આપવામાં આવ્યો.

### શાહેન પારડીવાલા-મુંબઈ

શાહેન હોમસ્કૂલર તરીકે મુંબઈની એસએસસી બોર્ડની પરીક્ષા આપી અને તેમાં તેણે ૯૩.૬ ટકા સાથે ઉચ્ચ પરિણામ મેળવ્યું. તે હાલમાં બ્લોગ, યુ-ટ્યૂબ અને એક વેબસાઈટ ચલાવે છે. તે સ્ક્રીપ્ટ રાઈટર પણ છે અને નાની ફિલ્મો પણ તૈયાર કરે છે.

### સહાલ કૌશિક-દિલ્હી

તેની માતા વ્યવસાયે ડૉક્ટર હતી. તેમણે પોતાના પુત્રના અભ્યાસ માટે કામ છોડી અને તેને ઘરે જ ભણાવવાનો નિર્ણય કર્યો. સહાલ કૌશિકે વર્ષ ૨૦૧૦માં આઇઆઇટી-જેઈઈની પરીક્ષા સમગ્ર ભારતમાં ૩૩મા ક્રમે અને દિલ્હીમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ કરી.

### અંગદ દરયાની

હાલમાં તે જ્યોર્જિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજીમાંથી ઇલેક્ટ્રિક એન્જિનિયરિંગ કરે છે. તેણે બ્રેઇલ ઈ-રીડર અને સૌથી સસ્તા ૩ડી પ્રિન્ટરની શોધ કરી છે. તેણે ધોરણ-૯ અને ૧૦નો અભ્યાસ હોમસ્કૂલિંગથી કર્યો હતો.

આવા તો અનેક તેજસ્વી દીવડાઓ તેમના રસના ક્ષેત્રોમાં આગવું પ્રદાન આપી રહ્યા છે અને અમેરિકા જેવા દેશમાં કે જ્યાં ભારત કરતાં હોમસ્કૂલિંગ વધુ પ્રચલિત છે તેની સેલિબ્રિટી યાદીમાં એકસોથી વધુ હોમસ્કૂલર્સનો સમાવેશ થાય છે.

## હોમસ્કૂલિંગની કાયદાકીય માન્યતા

ભારતમાં ૧ એપ્રિલ ૨૦૧૦થી આરટીઈ-રાઈટ ટુ ફ્રી એન્ડ કમ્પલ્સરી એજ્યુકેશન ઍક્ટ (આરટીઈ-૨૦૦૯)અમલમાં આવ્યો અને ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકો માટે શાળા શિક્ષણ ફરજિયાત બનાવવામાં આવ્યું. આ ફરજિયાતપણું રાજ્ય માટે છે, વાલી માટે નહીં. માતા-પિતા ઇચ્છે તે રીતે તેમના બાળકના અભ્યાસ માટે પસંદગી કરી શકે છે. રાજ્ય તેમાં દખલ કરશે નહીં. માતા-પિતા ઇચ્છે તો પોતાના બાળકને શાળાએ ન મોકલે પરંતુ ઘરે શિક્ષણની વ્યવસ્થા કરે. આમ, ભારતમાં હોમસ્કૂલિંગ કાયદાકીય રીતે માન્ય છે.

હોમસ્કૂલિંગ પર પસંદગીનો કળશ ઢોળનાર માતા-પિતા મુખ્યત્વે વર્તમાન શિક્ષણવ્યવસ્થાની મર્યાદાઓ દૂર કરવાના હેતુથી આ પદ્ધતિ પસંદ કરે છે. તેમાં પણ મુખ્ય જવાબદાર પરિબળ અભ્યાસક્રમની પસંદગી છે. બાળક પોતાના રસ અને રુચિ અનુસારના વિષયો શીખે અને ન ગમતાં વિષયોની ગોખણપટ્ટી કરવામાંથી બચી શકે છે. બાળકને પોતાની અનુકૂળતા અનુસાર સમય, સ્થળ, વિષય અને શિક્ષક પસંદ કરવાની તક મળે છે. તે પોતાની સમજશક્તિ અને ઝડપ અનુસાર વિષય શીખી શકે છે. વિશેષમાં પરીક્ષાના તનાવ અને ભયમાંથી મુક્તિ, સલામતી, માતાપિતાનું વિશેષ ધ્યાન અને સ્વતંત્રતા એ આ પદ્ધતિનું જમા પાસું છે.

હોમસ્કૂલિંગ એ એક પડકાર છે. કારણ કે હોમસ્કૂલિંગમાં બાળકના શિક્ષણની સર્વાંગીણ જવાબદારી સીધી માતાપિતા પર આવે છે. આથી તેમાં થયેલ ભૂલ એ બાળકના ભાવિ પર ગંભીર અસર પાડી શકે છે.

તેની કેટલીક મર્યાદાઓ પણ છે.

જેમ કે હોમસ્કૂલિંગમાં બાળકના સામાજિકરણનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. બાળક માટે વ્યક્તિગત શિક્ષકો, પુસ્તકો, અધ્યયન સામગ્રી, પ્રયોગના સાધનો વગેરે વસાવવા માટે પણ ઘણો ખર્ચ થાય છે. આથી તે ઘણું મોંઘુ પડી શકે છે. આજના વિભક્ત કુટુંબમાં માતા-પિતા બંને નોકરી કરતા હોય તો બાળક માટે પૂરતો સમય પણ ફાળવી શકાતો નથી અને ઘણીવાર માતાપિતાની મર્યાદાઓ અને અજ્ઞાન બાળક માટે મર્યાદારૂપ બની રહે છે.

હોમ સ્કૂલિંગની આ મર્યાદાઓ નિવારવા માટે કેટલીક સંસ્થાઓ મદદરૂપ બની રહે છે. હોમસ્કૂલિંગ સાથે સંકળાયેલા લોકોએ એક જૂથ બની આવી સપોર્ટ સિસ્ટમ વિકસાવી છે. જે આજે ઇન્ટરનેટના માધ્યમથી વિશ્વના તમામ લોકોને ઉપલબ્ધ બને છે.

આવા કેટલાક સપોર્ટ ગ્રુપમાં નીચેનાનો સમાવેશ થાય છે.

ઇન્ડિયન એસોસિએશન ઓફ હોમસ્કૂલર : સ્વશિક્ષણ, પૂના- પૂને હોમસ્કૂલર ગ્રુપ, બેંગલોર બેઝ્ડ ગ્રુપ ઑફ હોમસ્કૂલર્સ એન્ડ અલ્ટરનેટિવ લર્નર્સ, શિક્ષાંતર-ઉદયપુરમાં સ્વરાજ યુનિવર્સિટીના સ્થાપક જૂથ.

હોમસ્કૂલિંગ દ્વારા અભ્યાસ કરનારા બાળકોને હાયર એજ્યુકેશન માટે કોઈ કોલેજ કે સંસ્થામાં જોડાવા માટે એસએસસી કે એચએસસીના પ્રમાણપત્રોની જરૂર પડે છે. આ મર્યાદાને નિવારવા માટે બે સંસ્થાઓ મદદરૂપ બને છે.

પ્રથમ સંસ્થા છે, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ. જેમાં વિદ્યાર્થી એક વર્ષ અગાઉ રજિસ્ટ્રેશન કરાવીને એસએસસી અથવા એચએસસી સમકક્ષ પરીક્ષા આપી પ્રમાણપત્ર મેળવી શકે છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ઇન્ટરનેશન જનરલ સર્ટિફિકેટ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા વિદ્યાર્થી ધોરણ-૧૦ સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર પ્રાપ્ત કરી શકે છે.

આમ, આ સંસ્થાઓ થકી પરીક્ષા આપી વિદ્યાર્થી પ્રમાણપત્ર મેળવી શકે છે.

હોમસ્કૂલિંગ એ બાળકના સર્વાંગીણ વિકાસ માટેનો એક વિકલ્પ છે જેમાં ઘણાં પડકારો છે અને તેને પહોંચી વળવાના માર્ગો પણ છે. જે માતાપિતાની દીર્ઘદૃષ્ટિ, યોગ્ય નિર્ણય અને સૂઝબૂઝ પર આધારિત બને છે.